પ્રાંતિજમાં પાટીદારો દ્વારા શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા.૨૭ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા કમાલપુર ખાતે સમાજની વાડી ખાતે તા. પાટીદાર સમાજના ભાઈ

પાટીદારો દ્વારા અનામત આંદોલનને લઈ શહીદ થયેલ પાટીદાર યુવાનોને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ પ્રાંતિજ તથા કમાલપુર ખાતે યોજાયો હતો.

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ પટેલ વાડી ખાતે તા. ૨૬-૯-૨૦૧૫ને શનિવારના રાત્રીના આઠ વાગ્યે હજારોની સંખ્યામાં પાટીદાર સમાજના ભાઈ બહેનો તથા યુવાનો ઉપસ્થિત રહી હાથમાં મીણબત્તી સળગાવી જય સરદાર જય પાટીદારના નારા સાથે અનામતને લઈ શહીદ થયેલ આઠ યુવાનોને શ્રધ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ પટેલ વાડીના હોલમાં બે મિનિટ માટે શોક સભા યોજાઈ હતી. જેમાં બહેનો દ્વારા બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું હતું. જયારે પ્રાંતિજના કમાલપુર ખાતે પણ શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. જયારે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ બાદ મહિલાઓએ રોષ પણ વ્યક્ત કર્યો હતો અને થાળીઓ ખખડાવી હતી અને છાજીયા લીધા હતા જયારે પાટીદાર યુવાનો દ્વારા પુતળુ સળગાવી વિરોધ કરવામાં આવ્યો હતો.

અરવલ્લી જીલ્લામાં પાટીદાર સમાજ દ્વારા શહિદદિન મનાવાયો

પાટીદાર અનામત આંદોલનમાં પોલીસ ગોળીબારમાં મૃત્યુ પામેલા આઠ પાટીદારોને શ્રદ્ધાંજલી અપાઈ

મોડાસા, તા. ૨૭ સમગ્ર રાજય અને અવરલ્લી જિલ્લામાં પાટીદાર સમાજ દ્વારા અનામત આંદોલનમાં ઘર્ષણ બાદ ફાટી નીકલેલા તોફાનોમાં પોલીસ ગોળીબારમાં મૃત્યુ પામેલા આઠ પાટીદારોને શ્રદ્ધાંજલી આપવામાં આપવાનો કાર્યક્રમ શનિવારે યોજાયો હતો. જેમાં પાટીદાર સમાજ દ્વારા ઘરે, ઓફિસો, દુકાનો આગળ દિપ પ્રગટાવી શ્રદ્ધાજલી આપી હતી.



હાર્દિક પટેલ દ્વારા શહિદદિન ઉજવવા અપીલ કરાતા અરવલ્લી જીલ્લાના પાટીદાર સમાજ દ્વારા ઘર આંગણે દિપ પ્રગટાવી શ્રદ્ધાંજલિ આપી હતી. મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી પાવનસીટી સોસાયટીમાં પાટીદાર સમાજના દ્વારા મૃત્યુ પામેલા આઠ પાટીદારોને શ્રદ્ધાંજલી અપાઈ હતી.

સમગ્ર રાજયમાં પાટીદાર અનામત આંદોલનમાં મૃત્યુ પામેલા આઠ પાટીદારોને શ્રદ્ધાંજલી આપવા અનામત આંદોલનમાં મૃત્યુ પામેલા આઠ પાટીદારોને શ્રદ્ધાંજલિ આપવા અનામત આંદોલનના કન્વીનર

ખેડબ્રહ્મામાં આજે ભાદરવી પૂનમનો મેળો ભરાશે

ખેડબ્રહ્મા, તા. ૨૭ ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મામાં મા અંબાજીના સાનિધ્યમાં ભાદરવાસુદ પૂનમનો મુળ સ્થાન હોવાથી મા ના દર્શનાર્થે પગપાળા સંઘમાં તથા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે અને મા ભગવતીના દર્શન કરી ધન્યતા કરવા આવનાર માઈ ભક્તો માટે ૨૭ અને ૨૮ સપ્ટેમ્બરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

ભાદરવી પૂનમના મેળામાં

વિખ્યાત મેળો સોમવારે ભરાશે. ભાદરવી પૂનમે ભરાતો પરંપરાગત મેળો આ વર્ષે પણ ઉલ્લાસભેર ભરાશે. મેળામાં લાખોની સંખ્યામાં માઈભક્તો ઉમટી પડશે.

ખેડબ્રહ્માના ભાદરવી પૂનમના મેળાનું ધાર્મિક મહત્વ છે. મા અંબાનું અનુભવે છે. મેળામાં અગાઉથી નાના મોટા વેપારીઓએ શ્રીફળની વધુ ખરીદી કરી છે. ખેડબ્રમા અંબિકા મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિરને રંગરોગાન કરાવી, તોરણ, ફૂલ તથા લાઈટ ડેકોરેશનથી શણગારવામાં આવ્યું છે. મેળો મહાલવા તથા મા અંબાના દર્શન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેમાં એક ડીવાયએસપી, એક પી.આઈ., ત્રણ પી.એસ.આઈ., ૧૯૮ પોલીસ, ૨ ઘોડેસવાર, ૨૫૬ હોમગાર્ડને બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યા છે.

પાલનપુરની માનસરોવર રેસીડન્સીમાં ગણપતિ મહોત્સવમાં શ્રીજીને ૫૬ ભોગ ધરાવાયો

પાલનપુર, તા. ૨૭ મહારાષ્ટ્ર બાદ ગુજરાતને પણ ઘેલું લગાડનાર 'ગણપતિ મહોત્સવ' નો રાજયભરમાં શુભારંભ થયો છે. ત્યારે સરહદી બનાસકાંઠા જીલ્લાના પાલનપુર ખાતે પણ ઠેર-ઠેર ગણપતિ મહોત્સવ યોજાઈ રહ્યો છે. ત્યારે પાલનપુરના માનસરોવર રેસીડેન્સી ખાતે સૌપ્રથમવાર ગણેશ મહોત્સવ યોજાયો હતો. જેમાં ગણપતિ સ્થાપન બાદ ગણપતિ મહોત્સવ નિમિત્તે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જયારે ગતરોજ ગજાનંદ ગણપતિ મહારાજને ૫૬ ભોગનો થાળ ધરાવાયો હતો. આ ઉપરાંત વિઘ્નહર્તા ગણપતિદાદાની મહાઆરતી કરવામાં આવી હતી. જેમાં સોસાયટીના તમામ રહીશોએ ભાવપુર્વક શ્રીજી માટે ભાવતા ભોજનનો થાળ ધરાવાયો હતો. દુંદાળા ગણપતિ દાદાને મોદક, બુંદીના લાજુ, મીઠાઈ અને ડ્રાયફ્રુટ સહીતનો પ્રસાદ ધરાવાયો હતો. જે પ્રસાદ લઈ સોસાયટીના રહીશોએ ધન્યતા અનુભવી હતી. આમ, હાલમાં સમગ્ર પાલનપુર નગર ભગવાન શ્રી ગણેશના ભક્તિના રંગે રંગાઈ ગયું હોય તેવો મહોલ જોવા મળી રહ્યો છે.

સેવાકેન્દ્રો ચલાવનાર સંસ્થાઓનું કલેક્ટર દિલીપ રાણાના હસ્તે અભિવાદન સમારંભ યોજાશે

યાત્રાધામ બોર્ડના ડાયરેક્ટર ગણપતભાઈ જોષીના સૂચનને સ્વીકારતું વહીવટીતંત્ર

પાલનપુર, તા. ૨૭ ભાદરવી પૂનમના મહામેળામાં વર્ષોથી હજારો પદયાત્રીઓ સંઘોમાં અને વ્યક્તિગત મિત્ર પરિવાર સાથે પદયાત્રા કરી મા અંબાના ધામમાં દર્શનાર્થે પહોંચે છે. આ પદયાત્રીઓની સેવા સુશ્રુષા અર્થે અનેક સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓ મેળાના દસ-પંદર દિવસ પહેલા સેવાકેમ્પો લગાવતા હોય છે. આ સેવા કેમ્પોમાં નાસ્તો, ભોજન, દવાઓ, સેવા, સ્નાન સહિત તેલ માલીસની સેવા પદયાત્રીઓ માટે ઉપલબ્ધ હોય છે.

વહીવટીતંત્ર અને અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આવી સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓનું અભિવાદન કરવુ

જોઈએ એવું સૂચન વહીવટીતંત્ર સમક્ષ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેક્ટર ગણપતભાઈ જોષીએ કરતાં આ સૂચનને બનાસકાંઠા કલેક્ટર તેમજ અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેને સહર્ષ સ્વીકારી લઈ મહામેળાના અંતિમ દિવસે ભાદરવી પૂનમ તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨ કલાકે અંબાજી ખાતે જૂની કોલેજના મેદાનમાં જિલ્લા કલેક્ટર અને દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન શ્રી દિલીપભાઈ રાણાના વરદ હસ્તે આ સેવા કેમ્પોના સંચાલકોનું જાહેર સન્માન કરવાનો કાર્યક્રમ યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેક્ટર ગણપતભાઈ જોષીની ઉપસ્થિતિમાં યોજાશે.

અરવલ્લી જિલ્લામાં ગણપતિ બાપ્પા મોરીયાના જયનાદ સાથે ગણેશ વિસર્જન

મોડાસા, તા. ૨૭ અરવલ્લી જિલ્લામાં વિઘ્નહર્તા ગણપતિદાદાનું સ્થાપન અને વિસર્જન મહોત્સવનું મહત્વ વર્ષ ને વર્ષે વધતુ જાય છે. જિલ્લામાં આજે ઠેર ઠેર શાંતિપુર્ણ અને ભક્તીભાવ વાતાવરણમાં વિઘ્નહર્તા દુંદાળા દેવની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી અને ગણપતિ બાપ્પા મોરયા અગલે બરસ તુ જલ્દી આના નાદથી ભક્તિમય વાતાવરણમાં ગણપતિદાદાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં વિસર્જન દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

અરવલ્લી જિલ્લામાં અનંત ચૌદશે મોડાસા શહેર સહિત અન્ય શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સ્થળોએ પરંપરાગત રીતે આજે ગણેશ મહોત્સવના સમાપનના ભાગરૂપે ડી.જે. બેન્ડવાજા અને ભજન મંડળીઓના તાલે વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢી નજીકમાં આવેલા જળાશયો, નદીઓ કે સરોવરોમાં ગણપતિદાદાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જિલ્લાના મોડાસા શહેર અને અન્ય વિસ્તારોમાં ગણેશચતુર્થીના દિને સ્થાપના કરેલા દુંદાળાદેવની સતત ૧૦ દિવસ સુધી પૂજા, અર્ચના, આરતી અને ભજન-કિર્તન સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી ભક્તોએ અને યુવક મંડળીઓએ ધન્યતા અનુભવી હતી. જિલ્લામાં રવિવારે અનંત ચૌદસના દિવસે હજ્જારોની સંખ્યામાં નાની મોટી ગણપતિદાદાની પરંપરાગત રીતેવિસર્જન યાત્રા નિકાળીને વિસર્જન મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. વિસર્જન સમયે ગણપતિદાદા મોરીયાના નાદ સાથે ભક્તજનો ભાવવિભોર બની ગયા હતા.

ડીસા વાસણા ગામના યુવકે માનસિક ત્રાસથી કંટાળી ઝેરી દવા ગટગટાવી

ડીસા. તા. ૨૭ ડીસા તાલુકાના વાસણા ગામે રહેતા અને ખેતી કામ કરતા એક યુવક ને તેના પરિવારના સભ્યો દ્વારા વારંવાર માનસિક ત્રાસ અપાતો હતો, અને તેની માલિકીની જગ્યા કેમ અન્યોને વેચી તે બાબતની તેના સગા ભાઈ અને તેનો અન્ય સાથીદાર ધમકી આપી ,સતામણી કરતા આ ત્રાસ થી કંટાળેલા આ પીડિત ૨૦ વર્ષીય યુવકે તેને ત્રાસ આપતા યુવકો સામે પગલા લેવાની માંગ સાથેની સુસાઈડ નોટ લખી ,ઝેરી દવા પી મૃત્યુ માટેનો પ્રયાસ કર્યો હતો, જોકે સદનસીબે આજુબાજુના લોકોએ તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ડીસા ની સરકારી અને તે બાદ ખાનગી હોસ્પીટલમાં આ યુવકને ખસેડતા ગંભીર હાલતમાંહાલ તેનો જીવ બચેલ છે. મામલે ડીસા તાલુકા પોલીસે પીડિત ને ત્રાસ આપનાર બે વિરુદ્ધ ગુનો નોધી તપાસ હાથ ધરેલ છે,

ડીસા તાલુકાના વાસણા ગામે રહેતા પ્રવીણ કુમાર ત્રીકમાજી માળી ઉમર વર્ષ ૨૦ વાળાઓની માલિકીની અઢી વીઘા જમીન અન્ય ઈસમને વેચાણ આપી હતી, જે નાથી પ્રવીણભાઈ ના સગા મોટાભાઈ રમેશભાઈ ત્રિકમાજી તથા રમેશભાઈ ના જમાઈ ખેતાજી સોનાજી માળી રહે- ચંદાજી ગોલીયાં તાલુકો- ડીસા વાળા નારાજ થયા હતા. જેમાં રમેશભાઈ એ આ મામલે પોલીસમાં એક ફરિયાદ આપી હતી, જેથી આ પીડિત યુવકને વધુ સારવાર માટે પ્રથમ લાલજીભાઈ પટેલ અને તે બાદ ડો.તેજલબેન પટેલની હોસ્પીટલમાં ખસેડાયો હતો, જ્યાં રાત ભર તેને બચાવવા તબીબો એ પ્રયત્ન કરી મોટાભાગની ઝેરી દવા પેટમાંથી બહાર કાઢવામાં સફળતા મેળવતા આ પીડિત યુવક પ્રવીણ કુમાર ત્રીકમાજી માળી નો જીવ બચ્યો હતો આ મામલે ડોક્ટરની યાદી આધારે ડીસા તાલુકા પોલીસે ઘટનાસ્થળે પહોચી યુવક નું નિવેદન નોધી પુછપરછ કરતા ચોકાવનારી વિગતો મળી હતી,જેમાં પીડિત યુવકે જણાવેલ કે "મને મારા સગા મોટાભાઈ રમેશભાઈ ત્રિકમાજી તથા તેમના જમાઈ ખેતાજી સોનાજી માળી વારવાર ધમકી ત્રાસ આપતા હતા,અને મારી જમીન વેચાણમાંથી પૈસા પડાવવા માંગ કરી મને અવાર-નવાર ધમકાવતા હતા અને ખોટી ફરિયાદો કરતા હતા, બનવાની રાત્રીએ પણ મને આ બન્ને લોકોએ ત્રાસ આપતા મેં આખરે કંટાળી જીવનનો અંત આણવા ઝેરી દવા પીધી હતી.

અરવલ્લી જીલ્લાના મોડાસા-હિંમતનગર રાજયધોરી માર્ગ પર આવેલા ખંભીસર ગામ નજીક આજે ૧૧ વાગ્યાના સુમારે ટ્રીપલ અકસ્માત સર્જાયો હતો. સદનસીબે જાનહાનિ ટળી હતી. મોડાસાથી હિંમતનગર તરફ જઈ રહેલા ટ્રક (ગાડી નં. જીજે.૫.વાયવાય.૬૭૦૩) ના ચાલકે હિંમતનગર તરફથી આવી રહેલા બાઈક ચાલક મોબાઈલ પર ચાલુ બાઈકે વાત કરતો સીધો ટ્રકમાં ઘૂસી જતા ટ્રકના ચાલકે બાઈક ચાલકને બચાવવા બ્રેક મારતાં પાછળ આવી રહેલ દાહોદ-ડીસા એસ.ટી. બસ (ગાડી નં. જીજે.૧૮ વાય.૪૯૮૭) ઘૂસી ગઈ હતી. બસના ચાલકે બસ ટ્રકમાંથી બહાર કાઢવા રિવર્સ લેતાં પાછળ આવી રહેલી આઈ-૨૦ (ગાડી નં. જીજે.૧૭એન.૫૧૨૯) એકાએક રીવર્સ બસ આવતાં ગભરાઈ બ્રેક મારતા પહેલાં બસના પાછળના ભાગમાં ઘૂસી ગઈ હતી. આગળના ભાગના ફૂરચેફૂરચા નિકળી ગયા હતા.

શામળાજી પાસે કાર અકસ્માતમાં કારસવારનું મોત

શામળાજી, તા. ૭ અરવલ્લી જીલ્લાના શામળાજી - અમદાવાદ નેશનલ હાઈવે નં. ૮ પર શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે એકાએક એક કાર પલટી જતાં કારમાં બેઠેલાં યુવાનનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. અમદાવાદના રહીશ અંકિત મિસ્ત્રી અને તેમના મિત્રો રાજસ્થાન ધંધાર્થે જઈ પરત ફરી રહ્યા હતા ત્યારે તેમની આઈ-૨૦ કારણ (ગાડી નં. જીજે.૧. કેક્યૂ-૪૪૨) ને બેફામ ગતિએ હંકારી રહ્યા હતા. પાલ્લા નજીક રોડ પર પડેલા ખાડાઓથી બચવા જતા કાર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર નજીક આવેલી ચોકડીમાં ખાબકી હતી. તેમની સાથે કારમાં મુસાફરી કરી રહેલા સૌરભભાઈ મોહનભાઈ ભીમાણી (રહે. અમદાવાદ) કારમાંથી બહાર પટકાતાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર મળે તે પહેલાં મોત નિપજ્યું હતું. શામળાજી પોલીસે મોહનભાઈ (મૃતકના પિતા)ની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પશુપાલકોના આસ્થા સમાન અડપોદરા ગામે ઝાલાનો મેળો ભરાયો

મોડાસા, તા. ૨૭ હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે દર વર્ષે ભાદરવા મહિનાના બીજા રવિવારે પશુપાલકોના આસ્થા સમાન ઝાલા બાવજીનો મેળો ભરાય છે. જેમાં હજારોની સંખ્યામાં પશુપાલકો ઉમટી પડ્યા હતા. અડપોદરા ગામના ડુંગરોની તળેટીમાં આવેલા ઝાલા બાવજીના મંદિરમાં પશુપાલકોએ પોતાના વ્હાલસોયા પશુઓની સુખાકારી માટે શ્રીફળ, ઘી અને સુખડીનો પ્રસાદ ચડાવી માનતા પુરી કરી હતી. પશુપાલકો વર્ષ દરમ્યાન પોતાના પશુઓને કોઈ ગંભીર તેમજ જીવલેણ બિમારી ના થાય તે માટે ઝાલાની માનતા રાખી શ્રીફળ, ઘી અને સુખડીની નેમ રાખે છે અને દર વર્ષે ભાદરવા મહિનાના બીજા રવિવારે અડપોદરાના ઝાલા બાવજીના મંદિરમાં દર્શને આવી પ્રસાદ ચડાવી નેમ પુરી કરે છે અને પશુઓની સુખાકારી માટે મંદિરના પુજારીઓ દ્વારા પ્રસાદી રૂપે આપેલ શ્રીફળ, સુખડી પશુપાલકો ઘરે જઈ પશુઓને ખવડાવે છે. અડપોદરા તેમજ આજુબાજુના વિસ્તારમાં આવેલ ગામોના પશુપાલકોમાં ઝાલાનું મંદિર ખુબ મોટી આસ્થાના કેન્દ્ર સમાન રહેલુ છે.